જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૨/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૩૪૧/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૦/૦૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૨૫૬	૧૦	૧૧૨૬૬	૧૭૩૮૪	૧	૧૭૩૮૫
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૬	૦	૬૨૨૬
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૬૯	૦	૬૯	૨૭૬	૦	૨૭૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૯૪૩	૨૧	૨૮૯૬૪	૩૦૨૫૮	૨૩	૩૦૨૮૧
કુલ		૪૪૯૭૦	૩૧	૪૫૦૦૧	૫૪૧૪૪	૨૪	૫૪૧૬૮

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૨	૫,૦૩,૨૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૯૪	૨,૯૪,૦૦૦/-

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૪૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૩ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી, ૮૪ લીટર દેશી દારૂ, ૦૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૨ ક્વોટર ઇંગ્લીશ દારૂ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૪૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૩૪૪/૨૦૨૧**

રાણીપ : જનકભાઇ આનંદલાલ બ્રહ્મભટ્ટ (ઉ.વ.૫૨)(રહે.આંગન એપાર્ટમેન્ટ, સુદર્શન એપાર્ટમેન્ટ ની સામે, જોગર્સપાર્ક રોડ રાણીપ)એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૨/૨૦૨૧ સવારના ૯/૦૦ થી રાતના ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી રોકડ રૂપિયા ૭૪,૦૦૦/- ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી રવજીભાઇ ભીમજીભાઇ ચલાવે છે.

દાઝી જતાં મૃત્યુ :- **સમાચાર યાદી નં.૩૪૫/૨૦૨૧**

માધવપુરા : ગુરૂચરણ સુર્યપાલ લોધી(ઉ.વ.૪૦)(રહે.પાર્વતી એંજી.ઓલ્કીન વર્કસ, દુધેશ્વર રોડ) તા.૦૫/૦૨/૨૦૨૧ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે તાવડીપુરા કલંદરીએ મસ્જીદ અંબીકા માર્કેટીંગ ની સામે “પાર્વતી એંજી.ઓલ્કીન વર્કસ” ખાતે ઓઇલની પાઇપ ફાટતા, ગુરૂચરણ શરીરે ગંભીર રીતે દાઝી જતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૦/૦૨/૨૦૨૧ સવારના ૫/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર કાંતીલાલ ચલાવે છે.

આત્મહત્યા :- **સમાચાર યાદી નં.૩૪૬/૨૦૨૧**

મેઘાણીનગર : રવીભાઇ જીવણભાઈ પટણી (ઉ.વ.૨૬)(રહે.પટણીવાસ, કંભાજીની ચાલી આર.જે.રેસ્ટ્રોરન્ટ ની પાછળ, મેઘાણીનગર)એ અગમ્ય કારણસર તા.૨૦/૦૨/૨૦૨૧ ના કલાક ૭/૩૦ થી ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતની લોખંડની પાઇપ સાથે સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી લક્ષ્મણભાઇ આભાભાઇ ચલાવે છે.

રામોલ : કિશન મશરાજી મારૂ (ઉ.વ.૪૨)(રહે.ગોકુલનગર વિ-૧, સુરેલિયા રોડ, અમરાઇવાડી) અગમ્ય કારણસર તા.૨૦/૦૨/૨૦૨૧ સવારના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે મફલર બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિદ્યાબેન મુળાભાઇ ચલાવે છે.

વટવા : હસનઅલી જુલ્ફુકારઅલી અંસારી (ઉ.વ.૨૨)(રહે.મગદુમનગર વિભાગ-૦૧ મગદુમી મસ્જીદની પાસે વટવા) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૨/૨૦૨૧ રાતના ૧૧/૦૦ થી તા.૨૦/૦૨/૨૦૨૧ ના કલાક ૧/૩૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે છતની લોખંડની પાઇપ સાથે રૂમાલ બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રમેશભાઇ ગીંબાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી